**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૨૬ ટકા

# ચ માર્ગ પર કોરોના સામે સંદેશાત્મક વિરાટ ચિત્ર

## કોરોના વાયરસના વિનાશ માટે ગાંધીનગરના માર્ગો પર ૪૫૦ ફુટ લાંબી મિસાઇલ : શહેરના ચ માર્ગ પર છ ચિત્રકારોએ મળીને કોરોના જનજાગૃતિ સંબંધિત દેશનું સૌથી લાંબુ ચિત્ર તૈયાર કર્યુ : ત્રણ દિવસમાં ૨૭ કલાકની જહેમતના અંતે ચિત્ર તૈયાર થયું



તસવીર : શેખર ગદાણી, હિરેન







ગાંધીનગર, તા.૨૬
કોરોના વાયરસે સમગ્ર વિશ્વના જનજીવન ઉપર ખૂબ ઘેરી અસર કરી છે. જો કે આ મહામારી સામેની લડતમાં ભારત ખૂબ સશક્ત બનીને ઉભરી આવ્યું છે. દેશના તમામ નાગરિકો તો પોતાની રીતે આ લડતમાં યોગદાન આપી રહ્યાં છે. ગાંધીનગરમાં કેટલાક ચિત્રકારો દ્વારા કોરોના મહામારી સામે જનજાગૃતિ ફેલાવતું દેશનું સૌથી મોટું કોરોના સંબંધિત રોડ પેઈન્ટિંગ તૈયાર કરવામાં આવ્યું છે જેને કલાકારોએ માત્ર ત્રણ દિવસના ગાળામાં ૨૭ કલાક કામ કરીને તૈયાર કર્યું છે.

ગાંધીનગરના ચ માર્ગ પર ચ-૫ સર્કલથી વિધાનસભા સુધીના વિસ્તારમાં આ અનોખું ચિત્ર તૈયાર કરવામાં આવ્યું છે જેની લંબાઈ ૪૫૦ ફૂટ અને પહોળાઈ ૩૬ ફૂટ છે. કોરોના વાયરસ જનજાગૃતિ સંદર્ભે કદાચ આ ભારતનું સૌથી લાંબુ ચિત્ર છે તેવો દાવો આ ચિત્રના મુખ્ય ચિત્રકાર રાજુભાઈ શ્રીમાળી ‘રાજતરંગ’ દ્વારા કરવામાં આવ્યો છે. આ ચિત્રો તૈયાર કરવામાં કુલ છ ચિત્રકારોએ પોતાનું યોગદાન આપ્યું છે. જેમાં ગાંધીનગરના રાજુભાઈ શ્રીમાળી રાજતરંગ ચાંદલોડિયાથી નાગરભાઈ પ્રજાપતિ, અશોકભાઈ પંચાલ અને પ્રકાશભાઈ બોડાણા તેમજ ગાંધીનગરના ધોળાકુવાથી મહેન્દ્રભાઈ ઠાકોર



અને એકમાત્ર મહિલા ચિત્રકાર લેકાવાડાના બિનલ વાઘેલાનો સમાવેશ થાય છે. આ તમામ ચિત્રકારોએ સાથે મળીને આ ચિત્ર તૈયાર કર્યું છે જેમાં તેમણે વોટર બેઝ કલર, પ્લાસ્ટિક પેઈન્ટ તથા ફ્લોરિંગ પેન્ટનો ઉપયોગ કર્યો છે ચિત્રમાં ચિત્રકારોએ કોરોના વાયરસ સામે લડવા ધ્યાનમાં રાખવા જેવા જરૂરી સુરક્ષાના પગલાં એક મિસાઈલ સ્વરૂપે દર્શાવ્યા છે. આ ઉપરાંત ચિત્રમાં ગુજરાતનો નકશો દોરી તેમાં લખવામાં આવ્યું છે ‘કોરોના સામે લડતું ગાંધીનગર’. ચાંદલોડિયાથી આવેલા ત્રણેય કલાકારો અગાઉ અમદાવાદમાં પણ આ પ્રકારનું સિત્તેર ફૂટ લાંબુ ચિત્ર તૈયાર કરી ચૂક્યા છે. ગાંધીનગરમાં આટલું લાંબુ ચિત્ર જાહેર જનજાગૃતિ માટે તૈયાર કરવાનો વિચાર રાજુભાઈ શ્રીમાળી રાજતરંગને આવ્યો હતો જેઓ પોતે એક લોકગાયક હોવા સાથે ગાંધીનગરની આઈટીઆઈમાં ઈન્સ્ટ્રક્ટર તરીકે પણ સેવાઓ આપી રહ્યા છે. ઉપરાંત આ ચિત્રમાં મહત્ત્વનું યોગદાન આપનાર નાગરભાઈ પ્રજાપતિ પણ આકાશવાણી રેડિયો કલાકાર છે. આ મહાચિત્ર તૈયાર કરવાનો સંપૂર્ણ આર્થિક બોજ રાજુભાઈ શ્રીમાળી રાજતરંગ તથા નાગરભાઈ પ્રજાપતિ દ્વારા ઉપાડવામાં આવ્યો છે જેમનો ઉદ્દેશ્ય ચિત્ર થકી કારોના સામે જનજાગૃતિ ફેલાવવાનો છે.

# લીમડાનું સેવન હાલના સમયમાં વધુ અસરકારક

ગાંધીનગર, તા.૨૬
કોરોના વાયરસના સંક્રમણથી બચવા શહેરીજનો ઘરગથ્થુ ઉપાય અજમાવી રહ્યા છે. અને કહેવાય છે કે ઘરગથ્થુ ઉપચાર કે આયુર્વેદનો સહારો લેવાથી કોઈ પણ બીમારી સામે લડી શકાય છે. ચૈત્ર મહિનો હમણાં જ પૂર્ણ થયો છે ચૈત્ર મહિનામાં દરરોજ લીમડાનો રસ કે લીમડાના મોર નો રસ પીવાનું મહત્વ છે પરંતુ હાલની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ દરરોજ લીમડાના રસનું સેવન કરવું જોઈએ તેમ શહેરના અનુભવીઓ તથા ડોક્ટર જણાવી રહ્યા છે.

આપણા દેશમાં લીમડાને ગામ નું દવાખાનું કહેવામાં આવે છે. ઘણા વર્ષોથી આયુર્વેદિક દવામાં લીમડાનો ઉપયોગ કરાય છે. લીમડાના અર્કમાં દરેક રોગ સામે લડવાના ગુણ રહેલા છે. પ્રાચીન ગ્રંથમાં જણાવ્યા અનુસાર લીમડાના ફળ, બીજ,





પાન, તેલ ,મૂળ અને છાલમાં અનેક બીમારીઓથી બચવાના ગુણો જોવા મળે છે. આયુર્વેદના પ્રાચીન ગ્રંથ ચરક સંહિતા અને સુશ્રુત સંહિતામાં પણ લીમડા ના પાનથી થતા લાભ વિશે વાત કરવામાં આવી છે.

શહેરના અનુભવી એવા કનૈયાલાલ પંચોલી જેમની ઉંમર હાલ ૯૪ વર્ષ છે. તેઓ જણાવે છે કે, કોરોના કે તેના જેવા કોઈ પણ રોગ સામે રક્ષણ મેળવવા માટે લીમડો ગુણકારી છે. વર્ષોથી હાલ સુધી તેઓ લીમડાનું સેવન કરતા આવ્યા છે. અને તેઓ શહેરીજનોને પણ જેટલું ફાવે તેટલા લીમડાના રસ કે પાઉડરનું સેવન કરવા અપીલ કરી રહ્યા છે.

શહેરના આયુર્વેદિક ડોક્ટર કેદાર ઉપાધ્યાય લીમડાના સેવન બાબતે જણાવે છે કે, લીમડો એવું ઔષધ જે આપણા ઘરની આસપાસ જ છે. લીમડો આપણો જ છે. દરેક વ્યક્તિને લીમડાની ઓળખાણ તો હોય જ છે. લીમડાનું સેવન કરવાથી ચામડીના નાના-મોટા ઈન્ફેક્શન દૂર થાય છે. સ્ટ્રેન્થમાં વધારો થાય છે. ઈમ્યુનિટીમાં વધારો થાય છે સાથે પાચનતંત્ર માટે પણ લીમડો મદદરૂપ છે લીમડો, લીમડાના મોર, તેનું ફળ લીંબડી દરેકના અનેક ફાયદા છે. આમ તો ચૈત્ર માસમાં લીમડાનું સેવન કરીએ છીએ અને હાલ વૈશાખ ચાલે છે પરંતુ મિશ્ર ઋતુ તથા કોરોનાની મહામારીને ધ્યાનમાં લેતા દરેકે લીમડાનું સેવન કરવું જોઈએ. લીમડાના રસને બનાવવા માટે લીમડાના કુણા પાન અને મોરને લઈને સહેજ સ્વચ્છ પાણી નાખી મિક્સરમાં ક્રશ કરી રૂમાલમાં નીચોડશો તો એમાં થી જે રસ નીકળે તેને એડલ્ટ બે થી ત્રણ ચમચી લઈ શકે અને બાળકોને નાની ચમચી આપવું જોઈએ. અને જો સંજોગાનુસાર લીમડો ન મળે તો નીમ ઘનવટી નામની ટેબલેટ બજારમાં મળે છે તેનું સેવન કરી શકાય. આ ઉપરાંત ઘરમાં લીમડાનો ધૂપ પણ કરી શકાય.

# આજે શહેરમાં રકતદાન શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૨૬
આજે કોરોનાની મહામારી સામે આખું વિશ્વ લડત આપી રહ્યું છે. આવા કપરા સમયે રકતદાતાની અછત સર્જાતા ‘ગાંધીનગર સિવિલ હોસ્પિટલ’માં લોહીની જરૂરિયાત ઉભી થઇ છે. આ જરૂરિયાતને પહોંચી વળવા માટે ગાંધીનગરના કુડાસણ ખાતેની સેવન વન્ડર્સ હોટેલ દ્વારા ‘મેગા બ્લડ ડોનેશન ડ્રાઈવ’નું આયોજન કરવામાં આવ્યું છે. આ રકતદાન શિબિરમાં લૉકડાઉનના તમામ નિયમોને અનુસરીને રકત એકત્રિત કરાશે. એકત્રિત કરવામાં આવેલ રકતને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મારફતે જરૂરિયાતમંદ દર્દીઓ સુધી વિના મૂલ્યે પહોંચાડવામાં આવશે. રકતદાન શિબિર રક્તદાતાની સલામતીનું સંપૂર્ણ ધ્યાન રાખવામાં આવશે તેવી આયોજકો દ્વારા ખાત્રી આપવામાં આવી છે.

‘મેગા બ્લડ ડોનેશન ડ્રાઈવ’ તા. ૨૭મી એપ્રિલ સોમવારે સવારે ૯ થી બપોરે ૨ વાગ્યા સુધી કુડાસણમાં મારૂતિ નેક્ષા શો રૂમ પાસે સેવન વન્ડર્સ હોટેલ ખાતે યોજાશે. આ રકતદાન શિબિરમાં વધુને વધુ સ્વૈચ્છિક રકતદાતાઓએ જોડાઈને રકતદાન કરવા શહેરના રકતદાતઓને આહ્વાન કરવામાં આવ્યું છે.

## રક્તદાન માટે રજીસ્ટ્રેશન ફરજીયાત

આ રકતદાન કેમ્પમાં સામેલ થવા માટે રક્તદાતાઓએ અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. રજીસ્ટ્રેશન કરાવવા માટે નીચેમાંથી કોઈ પણ નંબર પર સંપર્ક કરવા આયોજકો દ્વારા વિનંતી કરવામાં આવી છે.

★૯૪૨૯૬૧૯૫૨૧★ ★૯૭૩૭૧૭૭૭૭૭★
★૮૦૦૦૭૨૬૮૦૮★ ★૯૫૭૪૫૬૭૦૪૧★

## ચિરવિદાય

- સ્વ. ગોબરભાઈ ખોડાભાઈ દેસાઈ, ઉ.વ. ૯૧
- સ્વ. મારવાડી બાબુજી ચહેરાજી, ઉ.વ. ૯૦

# તારા માટે તો ભગવાને આખી દુનિયાને આઈસોલેશનમાં નાંખી દીધી..!!

## કિડની ફેલ થઈ જવાથી સાત સાત વર્ષ સુધી ડાયાલીસીસ પર રહેલી પત્ની માટે કિડની ટ્રાન્સપ્લાન્ટ પછી પતિએ ઘરમાં જ આઈસોલેશન રૂમ બનાવી દીધો : નજીવા કારણોસર લૉકડાઉનનો ભંગ કરતા નાગરિકો માટે આંખ ઉઘાડતો કિસ્સો

ગાંધીનગર, તા. ૨૬
નોવેલ કોરના વાયરસ સામેની લડતમાં ભારતે સમયસર લોકડાઉનનો નિર્ણય લઈ આ મહામારી ને અત્યાર સુધી અંકુશમાં રાખવામાં પ્રશંસનીય સફળતા મેળવી છે. આ સમય દરમિયાન નાગરિકોએ નવા શબ્દો અને નવી પરિસ્થિતિ જેવી કે લૉકડાઉન, કોરોન્ટાઈન, આઈસોલેશન વગેરેનો અનુભવ કર્યો કદાચ આઝાદ ભારતના નાગરિકોએ પ્રથમવાર યુદ્ધ અથવા કર્ફ્યુ વગર ઘરમાં પુરાઈ રહેવાની સ્થિતિ ભોગવવાનો વારો આવ્યો છે. લૉકડાઉન ઉપરાંત કોરોન્ટાઈન અથવા આઈસોલેશનની સ્થિતિથી કંટાળીને તેનો ભંગ કરવાની કોશિશ કરતા પણ જોવા મળે છે. જોકે માત્ર કોરોના જ નહીં પરંતુ અન્ય અનેક પ્રકારની બીમારીઓમાં પણ દર્દીએ તેના પોતાના જ નહીં પરંતુ અન્યોના સ્વાસ્થ્ય માટે પણ આઈસોલેશન પાળવું ખૂબ જરૂરી હોય છે. ગાંધીનગરમાં એક પરિણિત યુગલ એવું છે જેમાં બરાબર કોરોના વાયરસના ઉપદ્રવ પૂર્વે જ પત્નીને કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી જેના કારણે તેમને સળંગ ત્રણ માસ સુધી ફરજિયાત આઈસોલેશનમાં રહેવાનું ફરજિયાત બનતાં પતિએ પોતાના ઘરમાં જ પત્ની માટે આઈસોલેશન રૂમ બનાવડાવી દીધો હતો. વળી અત્યારે કોરોના વાયરસ સામે લડવા તમામ નાગરિકો પોતાની રોગ પ્રતિકારક શક્તિ વધારી રહ્યા છે ત્યારે આ મહિલાને તેના શરીરની ઈમ્યુનિટી ઓછી રહે તે માટેની દવાઓ લેવી પડી રહી




છે કારણ કે જો તેના શરીરની ઈમ્યુનિટી ઓછી રહે તો જ તેમનું શરીર નવી ટ્રાન્સપ્લાન્ટ કરેલ કિડનીનો વિરોધ કર્યા વગર સ્વીકારી શકે.

ગાંધીનગરના વાવોલની શાલીન-૩ સોસાયટીમાં રહેતા અને ફાઈનાન્શિયલ સેક્ટરમાં ખાનગી કંપનીમાં કાર્યરત એવા અભિષેક દવેની પત્ની અર્પિતાબેન ને ગત ડિસેમ્બર માસની ચોથી તારીખે જ કિડની ટ્રાન્સપ્લાન્ટનું ઓપરેશન કરવામાં આવ્યું છે પતિ પત્ની બંનેના પિતા એકબીજાના જ્ઞાતિબંધુ ઉપરાંત મિત્ર હોવાને કારણે એકબીજાને નાનપણથી ઓળખતા અને યુવાનીના ઉંબરે એકબીજાના પ્રેમમાં પડી લગ્ન કરનાર અભિષેક અને અર્પિતાના લગ્ન જીવનના ત્રીજા વર્ષે એક સુંદર દીકરીનું અવતરણ થયું જેનું નામ આન્યા રાખવામાં આવ્યું છે. અન્ય માંડ એક વર્ષની થઈ હતી ત્યારે જ વર્ષ ૨૦૧૧માં તેની માતા અર્પિતાબેનને વહેલી સવારે અચાનક ‘ફીટ આવી જવાની’ તકલીફ થઈ હતી. આમ તો તેમના પરિવારમાં કોઈને પણ આ પ્રકારે ફિટ આવવાની બીમારી ક્યારેય થઈ હોય તેવો ઈતિહાસ ના હોવાથી ડોક્ટરે ઝાઝી ચિંતા કરવા જેવું નથી તેવું જણાવ્યું હતું. જો કે તેમને ક્યાં ખબર હતી કે એની પાછળ કોઈ મોટી બીમારી આકાર લઈ રહી છે અને અર્પિતાબેન ને લાગુ પડેલ કિડનીની બીમારી એવી જ બીમારી હતી જેમાં દર્દીની બન્ને કિડની લગભગ સંપૂર્ણ ખરાબ થઈ જાય ત્યાં સુધી દર્દીને તેની ખબર સુદ્ધાં પણ પડતી નથી. અર્પિતાબેનની તકલીફ વધતાં તેમને અમદાવાદમાં નિષ્ણાત તબીબ ડૉ.હિમાંશુ પટેલને બતાવવામાં આવ્યુ. જેમણે અર્પિતાબેન કિડની નકામી થઈ ગઈ હોવાનું નિદાન કર્યુ હતું. ડોક્ટરે હવે અર્પિતાબેનને જ્યાં સુધી નવી કિડની ટ્રાન્સપ્લાન્ટ ના કરવામાં આવે ત્યાં સુધી માત્ર ડાયાલિસિસના સહારે જ જિંદગી જીવવી પડશે તેવું જણાવી દીધું હતું. જોકે ઘરના તમામ સભ્યો પોતાની કિડની







ડોનેટ કરવા તૈયાર હતા પરંતુ અર્પિતા બેનનું બ્લડ ગ્રુપ પરિવારના તમામ સભ્યો કરતાં અલગ હતું જેથી તે શક્ય ના બની શક્યું.

ઘરમાં માત્ર એક વર્ષની દીકરી જેના ઉછેરમાં માતાની અત્યંત જરૂર પડે તેવા સંજોગોમાં અર્પિતાબેનને સપ્તાહમાં બે વાર ડાયાલિસિસ માટે અમદાવાદ લઈ જવા પડતા હતા. આમ તો અર્પિતાબેનના સાસુ-સસરા સાથે જ રહેતાં હતા તેથી આન્યાને દાદા દાદીનો ટેકો મળી રહેતો પરંતુ તેમને પણ પોતાના ગામ અને જ્ઞાતિના વ્યવહારો સાચવવા માટે વારંવાર બહારગામ જવું પડતું હતુ. સતત સાત વર્ષ સુધી ચાલેલા આ ડાયાલિસિસ દરમિયાન તેમના પતિ અભિષેક દવેએ ઘરના મોટા ભાગના કામ માટે કામવાળા બંધાવી દીધા હતા પરંતુ તેમને પોતાની ખાનગી કંપનીની જોબમાં વારંવાર રજાઓ લેવી પડે તે અઘરું કાર્ય હતું કેમ કે તેઓ બ્રાન્ચ મેનેજરની પોસ્ટ ધરાવતા હતા. જો કે તેમના કામ અને સારા સ્વભાવને કારણે તેમની બ્રાન્ચ વગર બ્રાન્ચ મેનેજરથી પણ ચલાવી તેની પરિસ્થિતિ સંભાળી લેતી હતી પરંતુ તેમને આ સાત વર્ષ દરમ્યાન અનેક વિદેશ યાત્રાઓ તેમજ પ્રમોશન વગેરે જેવા લાભો જતા કરવા પડ્યાં હતા. અર્પિતાબેનને ડાયાલીસીસ દરમ્યાન ઘણીવાર ઠંડી ચઢી જાય કે તાવ આવી જાય તેવી મુશ્કેલી પણ સર્જાતી હતી. સમગ્ર પરિવારને સામાજિક અને આર્થિક ઉપરાંત માનસિક રીતે પણ વેઠવું પડતું હતું કેમ કે અર્પિતાબેન પાસે ઘરમાં અન્ય એક વ્યક્તિની હાજરી હોવી ફરજિયાત બની હતી. જો કે આ દરમ્યાન અર્પિતાબેન પોતે માનસિક રીતે એટલાં મજબૂત હતાં કે તેમને જોઈને કોઈ એમ ના જાણી શકે કે તેઓ ડાયાલીસીસના સહારે જીવી રહ્યાં છે.

આ દરમ્યાન કિડની ટ્રાન્સપ્લાન્ટ માટે ચાર-પાંચ વાર બ્લડ ગ્રૂપ કે અન્ય કોઈ બાબત મેચ ના થવાને કારણે શક્ય બની શક્યું નહોતું. અંતે ગત ડિસેમ્બર માસમાં અચાનક તેમની સારવાર કરી રહેલા ઝાયડસ હોસ્પિટલના ડૉ. મુકેશ પટેલનો કિડનીના દાતા મળ્યાં હોવાનો ફોન આવ્યો અને ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. પહેલાથી જ પાતળા બાંધાના અર્પિતાબેનનું વજન તે વખતે માત્ર ૩૬ કિલો હતું અને ઓપરેશન દરમ્યાન તેમનું હદય પહોળું થવા લાગતાં જોખમ વધી ગયું હતું. આ સમયે ડૉ. મુકેશ પટેલે હિંમત આપતાં અભિષેક દવેએ ઓપરેશન માટે મંજુરી આપી અને પાંચેક કલાકની જહેમતને અંતે ઓપરેશન સફળ રહ્યું હતું. હવે જરૂર હતી કે જ્યાં સુધી અર્પિતાબેનનું શરીર નવી કિડનીને સ્વીકારી ના લે ત્યાં સુધી તેમને આઈસોલેશનમાં રાખવા જેના માટે પતિએ ઘરમાં જ આઈસોલેશન રૂમ બનાવી દીધો હતો જેથી અર્પિતાબેનની ખબર પુછવા આવનાર તેમની નજીક ના જઈ શકે. આ દરમ્યાન દુનિયામાં કોરોના વાયરસનો કહેર વધીને છેક ગાંધીનગર સુધી આવી પહોચ્યો હતો. અભિષેકભાઈ મજાકમાં અર્પિતાબેનને કહેતા કે ‘જો તારા માટે ભગવાને આખી દુનિયાને આઈસોલેશનમાં મુકી દીધી છે’. કિડનીનો રોગ લાગું પડ્યો ત્યારથી આજ સુધી પોતાના પિયર સુદ્ધાં ના જઈ શકનાર અર્પિતાબેન આજે તો આઈસોલેશનમાંથી બહાર આવી ગયાં છે પરંતુ સામાન્ય કફથી માંડીને કોરોના વાયરસથી સૌથી વધુ ખતરો તેમને હોવાથી તેમની ખૂબ સંભાળ લેવી પડી રહી છે. આ કિસ્સો નજીવા કારણોસર વારંવાર લૉકડાઉનના નિયમો તોડતા નાગરિકો માટે આંખ ઉઘાડનારો છે.

-પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com